# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાની કામગીરી કરાઈ હોવાનો ખેડૂતોનો આક્ષેપ

# કપડવંજ તાલુકાના વરાંસી નદી પર બનાવેલા ચેકડેમની દિવાલ ધોવાઈ

**એજન્સી દ્વારા** સ્ટીલનો ઉપયોગ ન કરી માત્ર પથ્થર મૂકી દિવાલ બનાવાઈ






(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

કપડવંજ તાલુકાના વરાંસી નદી પર બનાવાયેલા ચેકડેમની દિવાલ ધરાશાયી થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. જેના કારણે ખેડૂતોની જમીનોમાં પાણી ઘુસી જતા જમીનોનું ધોવાણ થયુ છે. આ તરફ કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાનું કામ કર્યુ હોવાથી આ પરીસ્થિતિ સર્જાઈ હોવાનું સ્થાનિક ખેડૂતો જણાવી રહ્યા છે. આ મામલે તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરાય તેવી માંગણી ઉઠી છે.

કપડવંજ તાલુકામાં વાઘાના મુવાડા અને જાંબુડી નજીક વરાંસી નદી પર ચેકડેમ બનાવાયેલો છે. આ ચેકડેમની દિવાલ હાલમાં ધરાશાયી થઈ ગઈ છે. અગાઉ વરસાદ પડ્યો હતો અને તે વરસાદના પગલે આ દિવાલ ધરાશાયી થઈ છે. ત્યારે આ મામલે સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ પાણી આસપાસની જમીનોમાં ફરી વળતા ખેડૂતોની જમીનનું ધોવાણ થયુ છે. તો સાથે જ આ દિવાલના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા વેઠ ઉતારવામાં આવી હોવાથી તૂટી ગઈ હોવાના પણ ખેડૂતોએ આક્ષેપ લગાવ્યા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ કામ કરનારા કોન્ટ્રાક્ટર દ્વારા દિવાલને મજબૂતાઈ આપવા માટે કોઈ પણ પ્રકારનું સ્ટીલ ઉમેરાયુ નથી અને માત્ર પથ્થર ટેકવી અને દિવાલ ઉભી કરાઈ હતી, જેના પગલે આ પરીસ્થિતિ સર્જાઈ છે. ત્યારે સરકાર દ્વારા લાખો રૂપિયા ફાળવવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા હલકી કક્ષાનું મટીરીયલ વાપરી અને કામગીરી કરાતા ખર્ચો માથે પડ્યો છે. આથી, તાકીદે સમારકામની માંગણી ઉઠી છે.

### આણંદમાં રસ્તાને અડી આવેલી ડીપીથી અકસ્માતનો ભય



આણંદ શહેરના લોટીયા ભાગોળ વિસ્તારમાંથી પસાર થતાં દાંડી માર્ગને અડીને જ જોખમી ડીપી આવેલી છે. આ ડીપી ફરતે જાળી લગાવવામાં આવી છે. પરંતુ વળાંક પર જ આવેલી આ ડીપીથી રાત્રિના સમયે અકસ્માતનો ભય ઉભો થયો છે. આ ડીપીને હટાવવા વીજ કંપનીમાં અગાઉ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ કોઇ પગલાં ભરવામાં આવ્યાં નથી. હાલ રસ્તાની મરામતની કામગીરી ચાલી રહી છે, ત્યારે આ ડીપીથી વાહનચાલકો મુશ્કેલી અનુભવી રહ્યાં છે.

# ખંભાતની ઓઈલ ચોરીમાં બે કોન્સ્ટેબલની બદલી

**ખંભાત ગ્રામ્ય** પોલીસ ઇન્સ્પેક્ટરને નેત્રમ્ પ્રોજેક્ટમાં બદલી કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.17

ખંભાતના નગરા ગામમાં એક સપ્તાહ પહેલા ખાનગી કંપનીના ઓઈલના વેલના ઈમરજન્સી વાલમાંથી ઓઈલની ચોરી કરવાનું કૌભાંડ પકડાયું હતું. આ કેસમાં સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર અને બે કોન્સ્ટેબલની બેદરકારી ખુલી હતી. આથી, તેમની તાત્કાલિક બદલી કરવામાં આવી છે. બીજી તરફ બન્ને કોન્સ્ટેબલે અમદાવાદ ગ્રામ્યમાં બદલી કરવામાં આવી છે.

ખંભાત નાયબ પોલીસ અધિક્ષકની કચેરીની ટીમ દ્વારા એક સપ્તહ પહેલા નગરા ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડામાં ખાનગી કંપનીના ઓઈલના વેલના ઈમરજન્સી વાલમાંથી ઓઈલની ચોરી કરવાનું કૌભાંડ પકડાયું હતું. આ અંગે પોલીસે કુલ 9 શખ્સ સામે ગુનો નોંધી સ્થળ પરથી ચારની ધરપકડ કરી હતી. જ્યારે 21.46 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ મામલામાં સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી. સોલંકીની ગંભીર બેદરકારી બહાર આવી હતી. આથી, જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક તેમની બદલી કરી નેત્રમમાં મુકવામાં આવ્યાં છે. આ ઉપરાંત કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ પ્રવિણસિંહ અને જયદીપસિંહ લક્ષ્મણસિંહની જવાબદારી નક્કી કરવામાં આવી હતી. આથી, તેમને પ્રથમ જિલ્લા હેડ ક્વાટર બાદમાં તેમને અચાનક જ જિલ્લાફેર કરી અમદાવાદ ગ્રામ્યમાં બદલી કરતાં પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ હતી.

# લુણાવાડામાં ગટરના ગંદા પાણી ઉલેચી દર્શન કરવા જતાં ભક્તો

**કડીયાવાડના** સ્વામિનારાયણ મંદિર, છોટેશ્વર મહાદેવ, હનુમાનજી મંદિર આસપાસ 8 મહિનાથી ગટર ઉભરાઇ છે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.17

લુણાવાડાના કડીયાવાડ વિસ્તારમાં છેલ્લા આઠ મહિનાથી ગટર ઉભરાઈ રહી છે. આમ છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના કારણે રોષે ભરાયેલા સ્થાનિક રહિશોએ આવેદનપત્ર આપી તાત્કાલિક પગલાં ભરવા માગણી કરી હતી. આ વિસ્તારમાં આવેલા મંદિરોમાં દર્શન કરવા આવતા ભક્તોને ગંદા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે.

લુણાવાડાના ભોઈવાડા ટેકરા, કડીયાવાડ, વિશ્વ કર્મા મંદિર સહિત આસપાસમાં સ્વામીનારાયણ મંદિર, વિશ્વકર્મા મંદિર, છોટેશ્વર મહાદેવ મંદિર, હનુમાનજી મંદિર તેમજ ગોકુલ નાથજી મંદિર, રામેશ્વર



તસવીરઃ હરિશ ઝાલા

મહાદેવ મંદિર આવેલા છે. આ વિસ્તારમાં છેલ્લા 8 મહિનાથી પાલિકાની બેદરકારીથી સતત ગટર ઉભરાઈ રહી છે. આ વિસ્તારમાં સવારે 4 કલાકથી ખુલ્લા પગે મંદિર જવા વાળા વ્યકિતઓ નિયમિત છે અને અત્યારે ભુર્ગભ ગટર બનાવી છે ત્યારથી ભક્તો હેરાન થઈ ગયા છે. આ ગટરના ગંદા પાણી રસ્તા ઉપર ઉભરાય છે. હાલમાં તો ગટર પણ નગરપાલિકા દ્વારા બંધ કરી દીધી છે. જેના કારણે સ્થિતિ વણસી છે અને રસ્તા ઉપર પાણી ભરાતાં ગંદકી વધી છે. તેના કારણે બિમારીના વાવર જોવા મળી રહ્યાં છે. અહીં છેલ્લા 5 મહિનાની અંદર 8 વ્યક્તિ ડેન્ગ્યુ અને મેલેરીયાનો ભોગ બની ચુક્યાં છે. આ અંગે વારંવાર નગરપાલિકામાં ચીફ ઓફીસરને જાણ કરવા છતાં કોઈ પગલાં ભરવામાં આવતાં નથી. જેથી રહિશોમાં વધુ રોષ ભડક્યો છે. આ અંગે આવેદનપત્ર આપી તાત્કાલીક પગલાં ભરવા માગણી કરી છે.

#### પાલિકા પગલાં નહીં ભરે તો કલેક્ટરને રજુઆત કરાશે

સ્થાનિક રહિશોના જણાવ્યા મુજબ, લુણાવાડા નગરપાલિકા પગલાં નહીં લે તો કલેકટર કચેરીએ રજુઆત કરવામાં આવશે અને કલેકટર કચેરી દ્વારા પણ નિર્ણય ન લેવાય તો તેના ગાંધીનગર જવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિસ્તારના તમામ વ્યકિતઓ નગરપાલિકાના અણઘણ વહીવટથી કંટાળી ગયાં છે.

# આંકલાવના આસોદરમાં જુગાર રમતાં 6 પકડાયાં

**આંકલાવ પોલીસના** દરોડામાં 2 ફરાર થયાં

(પ્રતિનિધિ) આંકલાવ તા.17

આંકલાવ પોલીસે આસોદર ગામમાં દરોડો પાડી જાહેરમાં જુગાર રમતાં શખ્સો પર કાર્યવાહી કરી હતી. જોકે, આ કાર્યવાહીમાં છ પકડાયાં હતાં. જ્યારે બે ભાગી ગયાં હતાં. આ અંગે આઠેય શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

આંકલાવ પોલીસને બાતમી મળી હતી કે, આસોદર કર્નેટપુરા શેડીયાવગા સીમ વિસ્તારમાં ખુલ્લામાં છત્રસિંહ ઉર્ફે છત્રો નાનજી જાદવ, જાલમસીંગ ઉદેસિંગ પઢીયાર પોતાના આર્થિક ફાયદા સારૂ જુગારનો અડ્ડો ચલાવી રહ્યો છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 17મીની નમતી બપોરે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં નાસભાગ મચી હતી. જોકે, પોલીસે કોર્ડન કરી છ શખ્સને પકડી પાડયાં હતાં. જ્યારે બે શખ્સ ભાગી ગયાં હતાં. આ અંગે પુછપરછ કરતાં ભાગી ગયેલા શખ્સો છત્રસિંહ ઉર્ફે છત્રો નાનજી જાદવ, જાલમસિંહ ઉર્ફે જાડો ઉદેસિંહ પઢીયાર (રહે. આસોદર) હોવાનું જાણવા મળ્યું હતું.

જ્યારે પકડાયેલા શખ્સોમાં અલ્પેશ મંગળ મકવાણા, દિનેશ ઉર્ફે ટીકો હરમાન પઢીયાર, જગદીશ મહેન્દ્ર પઢીયાર, વિજય મોહન પઢીયાર, રમેશ રાવજી મકવાણા અને રઈજી સોમા મકવાણા હોવાનું જણાવ્યું હતું. આંકલાવ પોલીસે તમામ પાસેથી રોકડ સહિત કુલ રૂ.6220નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત ભાગી ગયેલા બન્ને શખ્સની શોધખોળ હાથ ધરી છે.

### વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને રાખી નિર્ણય કરાયો

# નડિયાદમાં દાંડી માર્ગ પર પાંચ શાળા બહાર રબર બમ્પ મુકાશે

**મુખ્ય માર્ગ હોવાથી** ટ્રાફિકના ભારણ વચ્ચે શાળાના બાળકોને હાલાકી ભોગવવાનો વખત આવતો હતો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

નડિયાદની મધ્યમાંથી પસાર થતાં દાંડી માર્ગ પર આવેલી પાંચ શાળા બહાર બમ્પ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નડિયાદ શહેરમાં ડભાણ ચોકડીથી શરૂ થઈ મિશન રોડથી બસ સ્ટેન્ડ થઈ સંતરામ રોડ અને ત્યાંથી કોલેજ રોડ થઈ ઉતરસંડા અને આગળ આણંદ તરફ દાંડીમાર્ગ પસાર થાય છે. આ રોડ માર્ગ અને મકાન રાષ્ટ્રીય હસ્તક આવે છે. આ ઉપરાંત નડિયાદની ફરતે આવેલા રીંગ રોડ પૈકી પણ બિલોદરા ચોકડીથી માંડી અને આ તરફ ડીમાર્ટ સુધી જતો રીંગ રોડ માર્ગ અને મકાન રાષ્ટ્રીય હસ્તક છે. ત્યારે આ લાંબા રૂટ ધરાવતા રોડમાં અંદાજે પાંચેક શાળાઓ આવેલી છે. દાંડીરૂટ પર શાળાઓ અને શૈક્ષણિક સંકુલો મળી કુલ 4 મોટા શૈક્ષણિક એકમ આવેલા છે, જ્યારે નડિયાદ રીંગ રોડ પર બિલોદરાથી મરીડા ચોકડી તરફ જતા રોડ પર પણ એક શાળા આવેલી છે. આ તમામ શૈક્ષણિક સંસ્થાઓ માર્ગ અને મકાન રાષ્ટ્રીય વિભાગના રોડને અડીને આવેલી છે, જેના કારણે આ મોટા રોડ હોય અને તેની પર ટ્રાફિકનું ભારણ વધારે રહેતુ હોય, ઉપરાંત મોટા વાહનોની પણ અવર-જવર વધુ હોવાના કારણે શાળાના વિદ્યાર્થીઓ માટે અહીંયા જોખમની સ્થિતિ જણાતી હતી. આ અંગે રીંગ રોડ પર આવેલી આલ્ફા વિદ્યાલય દ્વારા તો વિદ્યાર્થીઓની સલામતી માટે અનેકવાર સબંધિત વિભાગોને બમ્પ બનાવવા માટે વિનંતી કરતા પત્ર લખ્યા છે. ત્યારે હવે માર્ગ અને મકાન રાષ્ટ્રીય વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ હવે આ શૈક્ષણિક સંસ્થાઓ જ્યાં આવતી હશે, ત્યાં રોડ પર વિદ્યાર્થીઓની સલામતી માટે પીળા કલરના રબર બમ્પ લગાવવામાં આવનાર છે. જેના કારણે હવે શૈક્ષણિક સંસ્થાઓ પાસે વાહનોની સ્પીડ ઘટતા વિદ્યાર્થીઓના માથેથી જોખમ ઓછુ થયુ છે.

# મહીસાગર જિ.માં મકાન ભાડે આપતાં કાર્યવાહી

**પોલીસની** જાણ બહાર મકાન - દુકાન ભાડે આપ્યાં હતાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.17

મહીસાગર જિલ્લા પોલીસ વડા ભાડા કરાર વગર અને પોલીસની જાણ બહાર મકાન ભાડે આપનારા મકાન માલિક સામે જાહેરનામા ભંગનો ગુના નોંધવામાં આવ્યાં છે.

લુણાવાડાના મોડાસા ધોરી માર્ગ પર બાવન પાટીદાર સમાજ ઘર સામે સુપર સેનેટરી દુકાન પોલીસની જાણ બહાર ભાડે આપનારા રમણ રણછોડભાઈ પટેલ (રહે.વેરીના મુવાડા, લુણાવાડા) સામે ગુનો નોંધ્યો હતો. આ ઉપરાંત ઝૈદ મોહંમદ યુસુફ બકરાવાલા (રહે. શાકા મેદાન, લુણાવાડા)એ પોલીસની જાણ બહાર દુકાન ભાડે આપી હતી. તેવી જ રીતે વૃંદાવન હોટલ નીચે દુકાન નં.9ના માલીક યાસ્મીન અબ્બાસ સાબુવાલા (રહે. વ્હોરવાડા, લુણાવાડા) એ બારોબાર દુકાન ભાડે આપી હતી. આ તમામ સામે લુણાવાડા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત બાલાસિનોર પોલીસે ડબગરવાસમાં મકાન ભાડે આપનારા અશોક આશારામ રાઠોડ (રહે. સુંદરવન, વીરપુર), જલારામ સોસાયટીમાં મકાન ભાડે આપનારા કાળુ રયજીભાઈ ઝાલા (રહે. આસપુર, વીરપુર), ન્યુ મંગલમ પાર્ક સોસાયટીમાં મકાન ભાડે આપનારા મનીષાબહેન બાબુલાલ શ્યામારામ સીંગર (રહે. મહાલક્ષ્મી સોસાયટી, બાલાસિનોર), નિશાળ ચોકમાં દરજીવાડા વ્હોરવાડ રોડ પર મકાન ભાડે આપનારા અનિસાબીબી આદીલખાન પઠાણ સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

# તારાપુરમાં જમીન બાબતે પૌત્રએ દાદીને મારમાર્યો

**મામલતદાર કચેરીમાં** અરજી સંદર્ભે જામીન આપવા આવ્યા તે સમયે ઝઘડો થયો

(પ્રતિનિધિ) તારાપુર તા.17

તારાપુર તાલુકાના રિંઝા ગામમાં રહેતા 73 વર્ષિય વૃદ્ધાની વડીલો પાર્જીત જમીનમાં ભાગ માટે તેમના જ પૌત્ર અને પુત્રવધુએ મામલતદાર કચેરી સામે મારમાર્યો હતો. આ અંગે તારાપુર પોલીસે કુલ ચાર શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

તારાપુરના રિંઝા ગામમાં રહેતા કંકુબહેન ધનાભાઈ વાઘેલા (ઉ.વ.73)ના નામે વડીલો પાર્જીત જમીન આવેલી છે. જેમાં ત્રણ સંતાનમાં એક પુત્ર પોપટભાઈનું અવસાન થયું છે. જેના પત્ની કમુબહેન અને પુત્ર છેલ્લા કેટલાક સમયથી જમીન બાબતે ઝઘડા કરતાં રહે છે. દરમિયાનમાં 14મી ઓક્ટોબરના રોજ આ મુદ્દે બન્ને પક્ષે સામસામે પોલીસમાં અરજી કરી હતી. આ અરજીના કામે બન્ને પક્ષના માણસો પોલીસ મથકે હાજર થયાં હતાં. જ્યાં જરૂરી કાર્યવાહી બાદ સુલેહ ભંગ ન થાય તે માટે મામલતદાર કચેરી રજુ કરવા સાંજના છ વાગ્યે લઈ ગયાં હતાં. તે સમયે કંકુબહેન અને તેમની દિકરી મધુબહેન બન્ને મામલતદાર કચેરી આગળ રીક્ષામાં બેઠાં હતાં. દરમિયાનમાં તેમનો પૌત્ર ભાવેશ ધસી આવ્યો હતો અને અપશબ્દ બોલવા લાગ્યો હતો. આ ઉપરાંત કમુબહેન પણ આવી ગયાં હતાં અને જમીન અને મકાન આપવા દેતા નથી. તેમ કહી બરડાના ભાગે હાથથી ચાર - પાંચ ઝાપટો મારી મારમાર્યો હતો.

આ ઉપરાંત કંકુબહેનની દિકરી મધુને પણ ખેંચાખેંચ કરી મારમાર્યો હતો. જોકે માતા - પુત્રીની બુમાબુમથી તેમના સંબંધી અનિલ ધનાભાઈ, ચેતન ધસી આવ્યાં હતાં અને વધુ મારથી છોડાવ્યાં હતાં. પરંતુ ભાવેશના કુટુંબી કાકા ચંદ્રકાંત વાઘેલા, અશોક વાઘેલા આવી વધુ મારામારી કરી હતી. આ મારામારીમાં આસપાસના લોકો આવી જતાં ધમકી આપી જતાં રહ્યાં હતાં. આ અંગે કંકુબહેન વાઘેલાએ તારાપુર પોલીસ મથકે ભાવેશ પોપટ વાઘેલા, કમુબહેન પોપટ વાઘેલા, ચંદ્રકાંત ગાંડાભાઈ વાઘેલા અને અશોક ગાંડાભાઈ વાઘેલા સામે ગુનો નોંધ્યો હતો.

# ખેડાની ગોવિંદપુરા પ્રા. શાળાનો અગ્નિશામક રોબોટ પ્રથમ સ્થાને રહ્યો

**ખેડા તાલુકાના વિજ્ઞાન** પ્રદર્શનમાં પ્રથમ નંબર આવ્યો

(પ્રતિનિધિ) ખેડા તા.17

ખેડા તાલુકાના વિજ્ઞાન મેળામાં ગોવિંદપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બનાવેલો સ્વયંમ સંચાલિત અગ્નિશામક રોબોટનો પ્રોજેક્ટ રજુ કરવામાં આવ્યો હતો. આ અનોખા પ્રોજેક્ટને લઈ નિરીક્ષકો પણ આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં. જેઓએ તેને પ્રથમ કૃતિ જાહેર કરી હતી. આ કૃતિ હવે જિલ્લા કક્ષાએ રજુ કરાશે.



તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

ખેડા તાલુકાના ગોવિંદપુરા પ્રાથમિક શાળા ધો.8માં અભ્યાસ કરતાં રિયા શૈલેષભાઈ વાઘેલા, અંકિતા જયંતિભાઈ ચૌહાણ અને શિક્ષક અકીલભાઈ મીરના માર્ગદર્શથી અગ્નિશામક રોબોટ બનાવ્યો હતો. આ પ્રોજેક્ટ અંગે રિયા અને અંકિતાએ જણાવ્યું હતું કે, કોઈ પણ જગ્યાએ આગ લાગી હોય ત્યારે તે સમયે કોઈ વ્યક્તિ ત્યાં ન જઈ શકે અને ધુમાડા વધુ નિકળતાં હોય તેવા સમયમાં શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે.

આથી, આવા સંજોગોમાં રોબોટ સેન્સરથી આગ લાગી હોય ત્યાં પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લઈ શકાય છે. ખાસ કરીને શોટસર્કિટથી જો આગ લાગી હોય તો આ રોબોટને બોટમાં ફેરવીને તેમાં પાણીની જગ્યાએ સીઓટુનો ઉપયોગ કરીને આગને કંટ્રોલ કરી શકાય છે.

#### સેન્સરની મદદથી આગનું સ્થળ જાણી શકાય છે

રોબોટ પર ત્રણ ફ્લેમ સેન્સર વિવિધ ખૂણાઓથી જ્વાળાઓ શોધવા માટે સ્માર્ટ રીતે ગોઠવાયેલા છે. ત્રણ સેન્સર છે, એક પાછળ, એક આગળ અને એક ડાબી બાજુ છે. આગ હાજર છે કે કેમ તે નક્કી કરવા માટે આ સેન્સર અવશ્યક છે. રોબોટની ગતિશીલતા નાની સર્વો મોટરનો ઉપયોગ કરાયો છે. આ રોબોટને તેની સ્થિતિને સમાયોજિત કરવાની અને શોધાયેલી જ્વાળાઓ પર પ્રતિક્રિયા કરવાની ક્ષમતા આપે છે. જેથી પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવી શકાય છે. આ રોબોટની ખાસિયત એ છે કે, એવી જગ્યા કે જ્યાં માણસ જઇ શકતો નથી. તેવી જગ્યાએ આગ લાગી હોય ત્યાં પાણીનો છંટકાવ કરી શકે છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225